ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગની મહેકમની હંગામી
જગ્યાઓ ચાલુ રાખવા બાબત

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2022/0084/A Section
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦/૧૨/૨૦૨૩

<u>વંચાણે લીધાં</u>:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૦૫/૧૦/૨૦૧૭ ની અધિસૂચના ક્રમાંકજીએચએમ/૨૦૧૭/૧૩/સશપ/૧૨૨૦૧૭/૫૭૫૯૪૯/અ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬/૦૪/૨૦૧૮ નો સરખા ક્રમાંકનો ઠરાવ

(3) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૧૨/૨૦૨૨ નો સરખા ક્રમાંકનો ઠરાવ તથા તા.૨૫/૦૧/૨૦૨૩ નો સરખા ક્રમાંકનો સુધારા ઠરાવ.

(૪) ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગનો તા.૨૩/૧૦/૨૦૨૩ નો પત્ર ક્રમાંક:GSCUC/EST/e-file/364/2022/0036/Mahekam

<u>ઠરાવ:</u>

વંચાણે લીધા ક્રમાંક (૧) પરની આ વિભાગની તા.૦૫/૧૦/૨૦૧૭ ની અધિસૂચનાથી ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગની રચના કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના તા.૧૬/૦૪/૨૦૧૮ ના ઠરાવથી ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગ ખાતે વર્ષ ૨૦૧૮-૧૯ ની નવી બાબત તરીકે મંજૂર કરવામાં આવેલ. ઉક્ત કુલ-૧૩ (તેર) જગ્યાઓ વંચાણે લીધા ક્રમાંક (3) હેઠળના તા.૨૯/૧૨/૨૦૨૨ના ઠરાવ તથા તા.૨૫/૦૧/૨૦૨૩ ના સુધારા ઠરાવથી તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૪) હેઠળના ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગના તા.૨૩/૧૦/૨૦૨૩ ના પત્રથી આયોગ ખાતેની કુલ-૧૩ (તેર) જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાના અંતે, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગ ખાતેની નીચે દર્શાવેલ કુલ-૧૩ (તેર) જગ્યાઓને નિમ્નલિખિત શરતોને આધીન તા.૦૧/૦૩/૨૦૨૪ થી વધુ એક વર્ષ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | મંજૂર થયેલ જગ્યા | સંખ્યા |
|---|---|---|
| ૧ | અંગત મદદનીશ (વર્ગ-૨) | ૧ |
| ૨ | કચેરી અધીક્ષક (વર્ગ-3) | ૧ |
| 3 | હિસાબનીશ (વર્ગ-3) | ૧ |
| ૪ | કોમ્પ્યુટર ઓપરેટર/ટાઈપીસ્ટ (આઉટસોર્સ) | 3 |
| ૫ | ડ્રાઈવર (આઉટસોર્સ) | 3 |
| ૬ | પટાવાળા (આઉટસોર્સ) | ૪ |
| | કુલ | ૧૩(તેર) |

<u>શરતો:-</u>

(૧) આ જગ્યાઓ જે હેતુ માટે ઊભી કરેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 20-Dec-2023 (04:31 PM)


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૨) આ અંગેનું ખર્ચ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ફાળવવામાં આવનાર ગ્રાન્ટમાંથી કરવાનું રહેશે તેમજ નિયત થયેલ સદરેઉધારવાનુ રહેશે.

(૩) ખાલી જગ્યાઓ અંગે નાણાં વિભાગની વખતો વખતની સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) જો આ હંગામી જગ્યાઓને ચાલુ રાખવાની જરૂરિયાત જણાય તો મુદત પૂરી થાય તેના ૪ માસ પહેલા વિગતવાર દરખાસ્તમોકલવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૬/૧૨/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 20-Dec-2023 (04:31 PM)

(કલ્પના રાણા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- Ø સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ, એ-૨ વીંગ, છઠ્ઠો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- Ø એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- Ø પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- Ø નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- Ø જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- Ø નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- Ø સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ-વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- Ø નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ
- Ø શાખા સિલેકટ ફાઇલ